
# જેઓ જીવંત પ્રભુ ખ્રિસ્તની સેવા કરે છે તેઓનું અમારા ઘરોમાં સ્વાગત કરીએ છીએ.

**બાળકોની પ્રવૃત્તિઓમાંથી તેમની જરૂરીયાત મુજબ તથા ઉંમર ને ધ્યાને લઈ કોઈપણ એકની પસંદગી કરો.**

**પ્રાર્થના :** પ્રભુ બાળકોને તેમના ઘરોમાં તમારી સેવા કરવા માટે યોગ્ય દિશામાં લઈ જવા મહેરબાની કરીને અમારી મદદ કરો.

પ્રબોધક માટે પ્રાર્થના કરવા બનાવેલ ઓરડીની વાર્તા તૈયાર કરીને શીખવો. વાંચો - **૨ રાજાઓનું પુસ્તક ૪ :૮ થી૩૭.** જેમાં સ્ત્રીએ જે મુસાફરો સાથે આચરેલી આગતા સ્વાગતાને કારણે પ્રભુએ તેને કેવી આશીર્વાદિત કરી તેનું આલેખન મળશે.



નીચેના પ્રશ્નોના ઉત્તરો શોધો - અને ઉત્તરો દરેક પ્રશ્નો પૂછયા પછી ખુલ્લા કરો.

- સ્ત્રીએ પ્રબોધક એલીશા માટે શું કર્યું ? (કલમ ૧૦)
- પ્રબોધક એલીશાએ સ્ત્રી માટે શું કર્યું ? (કલમ ૧૬)
- બાળક સાથે શું બન્યું ? (કલમ ૨૦)
- સ્ત્રી મદદ માટે કોની પાસે ગઈ ? (કલમ ૨૭)
- પ્રબોધક એલીશાએ બાળકને મદદરૂપ થવા પહેલા શું કર્યું ? (કલમ ૩૩)
- પ્રબોધક એલીશાએ બાળક માટે શું કર્યું ? (કલમ ૩૫)

પ્રબોધક ની ઓરડીની વાર્તા યાદ રાખીને સૌથી મોટા બાળકે અથવા તો શિક્ષણ આપતી **વ્યક્તિએ કહેવી.**

૨ રાજાઓનું પુસ્તક ૪ :૮ થી ૩૭ ની બીનાને **નાટક સ્વરૂપે કરો.**

- મુખ્ય આરાધનાની સંગતના બાળકો દ્વારા ઉપરોક્ત નાટકને રજૂ કરવા માટેનું આયોજન કરો
- મોટાબાળકો એ નાનાઓને તૈયારી કરવામાં મદદરૂપ થવું.
- દરેક ભાગ તમારે ભજવવાનો નથી તેની કાળજી રાખો.

**મોટા બાળકો અથવા પુખ્તવયનાઓએ એલીશા, સ્ત્રી, પતિ અને વાર્તાના ઉદ્દઘોષક** નો ભાગ ભજવવાનો રહેશે.

- ઉદ્દઘોષકે વાર્તાનો ટૂંકસાર કહેવો અને બાળકોએ શું બોલવાનું અને શું કરવાનું છે તે યાદ કરાવવું.
- એલીશા પાસે છડી છે (ચાલવા માટેની છડી)

નાના બાળકોએ બાળક તથા ચાકરો તરીકેનો ભાગ ભજવવાનો રહેશે.

**ઉદ્‌ઘોષક** : ૨ રાજા ૪ : ૧૮ થી ૧૯માંથી વાર્તાનો પ્રથમ ભાગ જણાવો. ત્યારબાદ કહો, સુનામી સ્ત્રી પોતાના પતિને શું કહેછે  તે સાંભળો.

**સ્ત્રી** : પતિદેવ, પ્રબોધક તેમની મુસાફરી દરમ્યાન વારંવાર આપણી મુલાકાત લે છે તેમના માટે મારે કાંઈક કરવું છે. શું આપણે તેમના માટે એક ઓરડી બનાવીશું કે જેથી તેઓ જ્યારે અહીં હોય ત્યારે રહેવા માટે નું તેમને સ્થાન મળી રહે?

**પતિ** : આ સારો વિચાર છે. આપણા ઘરની છતની ઉપર હું તેમના માટે ઓરડી બનાવીશ.

**એલીશા** : દરવાજો ખખડાવીને કહે છે, ''અમે તમારી મુલાકાતે આવ્યા છીએ.''

**સ્ત્રી** : એલીશા અમે તમારો આવકાર કરીએ છીએ, આવો અને જુઓ અમે તમારા રહેવા માટે એક સુંદર ઓરડી બનાવી છે.

**એલીશા** : ''તમારો આભાર'' તમે અમારી આગતા સ્વાગતા કરી છે. તે કારણે હું પ્રભુ તમને આશીષ આપે તેવી પ્રાર્થના કરીશ.  હું જાણું છું તમારે બાળક નથી. પ્રભુના નામે આશિષ આપું છું કે આવતા વર્ષે તમારા હાથોમાં નાનું બાળક હશે.

**ઉદ્‌ઘોષક** : ૨ રાજાનું પુસ્તક ૪ :૧૭ થી ૨૫ ની વાર્તાનો બીજો ભાગ જણાવો અને કહો ''બાળકે તેના પિતાને શું કહ્યું ?''

**બાળક** : ''પિતા, હું આજે તમારી સાથે ખેતરે આવવા માંગુ છું.

**પતિ** : ''હા, મારા દીકરા, તું મારી સાથે ચાલ અને મારા કામમાં મદદ કર.'' (પતિ સાથે બાળક જ્યાં ચાકરો અનાજની લણણી કરતા હતા ત્યાં ગયા)

**ચાકરો** : ''સુપ્રભાત અમારા સાહેબ'' ''પ્રભુ તમને તથા તમારા બાળકને આશીષ આપો.''

**બાળક** : (પોતાનું માથું પકડીને બૂમ પાડવા લાગ્યો) ''ઓહ ! ઓહ! મારા પપ્પા, મારું માથું ખુબ જ દુઃખે છે.''

**પતિ** : ચાકરોમાંના એક ને ઉદ્દેશીને કહ્યું ''બાળકને તેની માતા પાસે લઈ જાઓ.''

**સ્ત્રી** : બાળકને પોતાના ખોળામાં રાખે છે.  ત્યાં જ તે મરણ પામે છે. પછી તેને ઈશ્વરભક્ત એલીશાના પલંગ પર સુવાડે છે. અને પતિને કહે છે. મારા માટે એક ગધેડો તથા એક ચાકરને મારી સાથે મોકલ.

**ઉદ્‌ઘોષક** : વાર્તાનો ત્રીજો ભાગ ૨ રાજા ૪ :૨૬ થી ૩૭ માંથી જણાવે. પછી કહે. ''સાંભળો એલીશા પોતાના ચાકર ગેહઝીને શું કહે છે.

**એલીશા** : જો સુનામ્મી આવે છે.  મને ચિંતા થાય છે તેની સાથે કાંઈક ચિંતાજનક બાબત બની લાગે છે.

**સ્ત્રી** : કોઈપણ જવાબ આપ્યા વગર ચાલતી રહે છે. તેની આંખોમાંથી આંસુ ચાલ્યા જાય છે.  પછી ગેહઝીને કહે છે એલીશા પાસે જા અને કહે કે ''મારો દીકરો મરણ પામેલ છે મને મદદ કર.''

**એલીશા** : સ્ત્રીની સાથે ગેહઝીની પાછળ ગયો.

(સ્ત્રીના ઘરે સ્ત્રીની સાથે એલીશા જાય છે.  ઘૂટણે પડીને દેવ યહોવાને પ્રાર્થના કરે છે.  ત્યારબાદ બાળકની ઉપર સૂઈ જાય છે.  આ રીતે કરો.)

**બાળક** : સાત વાર છીંક ખાય છે અને પછી બેઠો થાય છે.

**એલીશા** : ''આ રહ્યો તારો દીકરો !''

**પ્રશ્નોત્તરી :** જો બાળકોએ ઉપરોક્ત નાટક મોટેરાઓને માટે કર્યું હોય અને જેમણે તે નિહાળ્યું છે તેઓને નાટક ઉપરથી પ્રશ્નોત્તરી કરો અને વધુ જ્ઞાન પામો.

ઉપરોક્ત વાર્તામાં આવતી બાબતો અને વ્યક્તિઓને ધ્યાનમાં રાખીને **બાળકોને ચિત્રો દોરવા** માટે પ્રેરણા આપો.

- તેઓ પત્થરના ઘરની છત પર બનાવેલ રૂમ નું ચિત્ર બનાવી શકશે. તેમજ ટેબલ, ખુરશી, દિવી, પલંગ, બાળક પોતાનું માથું પકડીને બેઠો હોય તેવું ચિત્ર, ગધેડો અથવા એલીશા ની સાથે કાર્ય કરનારાઓ આ પ્રકારના ચિત્રો બનાવો.
- શિક્ષણ આપનારે પલંગ, ટેબલ, ખુરશી અને દિવી સાથેનો એક રૂમનું ચિત્ર બનાવવું અને મોટા બાળકોને તેની નકલ કરવા માટે કહેવું.
- મોટા બાળકોએ નાના બાળકોને ચિત્ર દોરવા માટે મદદરૂપ થવું.
- ત્યારબાદ આરાધનાના સમયે બાળકો તે ચિત્રો મોટેરાઓને બતાવશે અને ચિત્રોની સમજણ આપશે. તેમજ ચિત્રો દ્વારા ઘરોમાં આવતા પ્રભુના સેવકોની કેવી રીતે કાળજી રાખવી ને બાબત ચિત્રો દ્વારા સમજાવવી.

જુદા જુદા દાખલાઓ દ્વારા પ્રભુની સેવા માટે ઘરોનો કેવી રીતે ઉપયોગ કરી શકીએ તે બાબતો બાળકોને કહો. અને તેઓને પૂછો પ્રભુનું ભજન કરવા માટે લોકો કેવી જગ્યાઓમાં એકઠા થઈ શકે ?

કાવ્ય : ગીતશાસ્ત્ર ૨૪ ૭ થી ૧૦.

નાના બાળકો એફેસી ૨ :૧૯ **મુખપાઠ કરે** અને મોટા બાળકો એફેસી ૨ :૧૯-૨૦ મુખપાઠ કરે.

**પ્રાર્થના :** પ્રેમી પિતા આખી દુનિયા તમારી છે. અમારા ઘરો પણ તમારા છે. અમારા ઘરોમાંથી તમે અમારી આભારસ્તુતિ ગ્રહણ કરો છો માટે આભાર. પ્રભુ અમો તમને પરોણાગત તે ભેટ રુપ ધરીએ તેવું થવા દો.

Copyright 2004© by Paul-Timothy. May be freely copied.
Download from www. Paul-Timonthy.net.